**અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪) ની કોર્ટમાં, અમદાવાદ.**

**ફો.કેસ નં. ૬૯૦૧૭/૧૯**

**<u>ફરીયાદી :</u>** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી** **અલ્લારખા ઈકબાલમીયા શેખ**

**<u>:– જજમેન્ટ:–:</u>**

**ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે ગેરકાયદેસર પીણુ પદાર્થ પીધેલ હાલતમા વાહન ચલાવી મળી આવી <u>એમ.વી.એકટ ક. ૧૮૫</u> મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.**

**<u>:: હુકમ :</u>**

**આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે એમ.વી.એકટ ક. ૧૮૫_ મુજબના ગુનાના ભંગ બદલ રુા. ૧૦૦૦/(એક હજાર પુરા )દંડ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદામાલ વાહન આરોપીને યોગ્ય ઓળખ લઈ સોપી આપવુ. વચગાળાના હુકમ કાયમી કરવાં.**

**આ હુકમ આજરોજ તા. ૨૪ સપ્ટે. ૨૦૧૯ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| અમદાવાદ. | | ( બી. જે. પટેલ ) |
| તા. ૨૪–૯– ૨૦૧૯ | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |